# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

**સલામી સવારની..**

સત્ય-નીતિ સદાચારનું સ્તર નીચું જતું જાય છે
ચૂંટણી ફંડ લેવા, નીતિનું સ્તર નીચું જતું જાય છે
મિંચામણા થાય કાયદામાં ઉદ્યોગપતિ ખાતર -
એકમેકને કાપવામાં, સ્તર નીચું જતું જાય છે

**હાઇકુ**

ધોળે દિવસે,
થાય છે લૂંટફાટ -
રડે સુરક્ષા..
(સુમેળાપીપણું..)

છે વિઘ્નકર્તા
ઉંદરે બેસવામાં -
બિલ્લી-નજર..
(લાલકૃષ્ણ ચા રાજા)

## ચિંતન

**પુષ્પે ગંધં, તિલે તેલં કાષ્ટે અગ્નિ પયસિ ધૃતમ્ ।**
**ઇક્ષૌ ગુડં તથા દેહે પશ્યાઅઆત્માનં વિવેકતઃ ॥**

'જેમ ફૂલમાં સુગંધ હોય છે અને તલમાં તેલ હોય છે, સૂકા લાકડામાં જેમ અગ્નિ રહેલો હોય છે અને જેમ દૂધમાં ઘી હોય છે અને શેરડીમાં ગોળ છે તેમ શરીરમાં આત્મા અને પરમાત્મા વિદ્યમાન છે જ બુદ્ધિમાન મનુષ્ય ચિંતન-મનનના વિવેકથી, દિવ્ય દૃષ્ટિના સહારે આત્મામાં રહેલા પરમાત્માનું દર્શન કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.'

ફૂલમાં સુગંધ છે અને તલમાં તેલ છે એનું જ્ઞાન આપણને અનુભવ અને બુદ્ધિથી થયું છે આ સમજને વિવેક કહેવાય - સાચા-ખોટાંનો નિર્ણય - સાચી સમજ એનું નામ વિવેક.

આપણે શરીરમાં રહેલા આત્મા-પરમાત્માને પારખવાનો 'વિવેક' સમજી શકતા નથી અને 'શરીર' જ સમજી તેને ટાપટીપ કરી તેનો ગુણ-દુર્ગુણ-મોહ-માયા-વાસનાઓને પંપાળીએ છીએ વિવેક દ્વારા એ કૂડા-કચરામાંથી શત્ત્વ કાઢવું જોઇએ જેમ તલમાંથી તેલ, દૂધમાંથી ઘી... વગેરે -

વિવેક વિના જ્ઞાન આવતું નથી જ્ઞાનથી દિવ્ય દૃષ્ટિ મળે.

## સુવિચાર

- કર્મના કાયદામાં ભગવાન માથું મારતો નથી, મૈત્રી અને કરૂણા દ્વારા જ માનવતાની માવજત થતી રહે છે. એટલે જ કહી શકાય કે માનવાની માવજત એ જ 'ધર્મ' **- એસ. ભટ્ટાચાર્ય**
- મંદિર કે ધર્મગ્રંથોની કોઇ ફિલોસોફીની મને જરૂર નથી, મારૂં પવિત્ર હૃદય અને મારૂં શાંત મગજ એ બંને મારા મંદિરો છે, અને કરૂણા મારી ફિલોસોફી છે **- ઓશો**
- એક દિવસ એવો આવશે, જયારે વિજ્ઞાન એટલું બધું આગળ વધ્યું હશે કે મરવાનું વૈકલ્પિક હશે **- ફાધર વાલેસ**
- એવો કોઇ અક્ષર નથી જેનો મંત્ર ન થઇ શકે. એવું કોઇ મૂળ નથી જેની ઔષધી ન થઇ શકે, પણ આ બધાનો ઉપયોગ કરી શકે તેવો યોગ્ય વ્યક્તિ શોધવો જ મુશ્કેલ છે **- સંસ્કૃત સુભાષિત**
- બાળકની ઉન્નતિ કે અવનતિનો આધાર તેની માતા પર જ હોય છે **- નેપોલિયન**
- જીવંત અનંત છે, અને માણસની સંભાવનાઓ અને શક્યતાઓ પણ અનંત છે- **અનામી**
- મનુષ્ય મનુષ્યમાં છે અંતર... કોઇ હીરો કોઇ કંકર **- હિન્દી કહેવત**

## બોધ કથા

આપણે પરમાત્માને શોધવા મંદિરો-મસ્જિદો યાત્રાધામોમાં પડાપડી-દોડાદોડી કરીએ છીએ ઇશ્વરી તત્ત્વ આપણા અંતરાત્મામાં જ વસે છે બહાર દોડવા કરતાં અંદર ડોકિયું કરવાથી ઇશ્વર જલ્દી મળી જાય છે. તમે ઊભા છો ત્યાં જ, વર્તમાનમાં, આંખ બંધ કરીને અંદર જોતા જ ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ શકે છે.

એક સંત ઇશ્વરનો માનસિક જપ કરતાં ધીમે ધીમે જતા હતા. ત્યાં બાજુમાં ઝડપથી, દોડીને જતા યુવાનનો હડસેલો લાગ્યો અને સંત ફસડાઇ પડ્યા. યુવાન જરા અટક્યો અને સંતને બેઠા કર્યા. સંતે એને પૂછ્યું કેમ ભાઇ! આમ દોડતાં દોડતાં કયાં જતા હતા?

યુવાન કહે બાર વાગ્યામાં બસ મિનિટ બાકી છે બાર વાગે મંદિર બંધ થઇ જશે એટલે દોડતો જતો હતો. ઇશ્વરના દરરોજ બાર વાગ્યા પહેલાં દર્શન કરવાનો મારો નિયમ છે. મારૂં અતૂટ સ્વપ્ન છે..

સંત કહે ભાઇ ઇશ્વર સ્વપ્ન નથી. ગાંડા લોકો જ સ્વપ્ન પાછળ દોડતાં હોય છે. વાસ્તવિક અને વહેવાર આ ક્ષણ જ જીવંત એ સાશ્વત છે. ભવિષ્યની ભ્રમણા પાછળ દોડવું વ્યર્થ છે. ઇશ્વર તારા અંતરાત્મામાં જ છે. તું જયાં ઊભો છે ત્યાં જ આંખ બંધ કરી તારા હૃદયમાં વસેલી મૂર્તિના દર્શન કર, તને ચોક્કસ સાક્ષાત્કાર થશે.

યુવકની આંખ ઉઘડી - અને ધ્યાનથી જ સાક્ષાત્કાર થયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આપણી ભાષા આપણને આપણી ધરતી, પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે જોડે છે... આપણામાં સ્વત્વ અને સ્વેદેશાભિમાન જગાડે છે

## શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ માતૃભાષા શિક્ષણ

- હર્ષદ પ્ર. શાહ

શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા અનેકવિધ ઉદ્દેશોની પરિપૂર્તિ કરવાની છે. એનો મોટામાં મોટો અને અતિ મહત્ત્વનો ઉદ્દેશ છે - માનવને સાચા અર્થમાં માનવ બનાવવાનો. માનવની સર્વ પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિઓનું ઉન્નયન થાય તો જ આ ઉદ્દેશ સિદ્ધ થાય. કુદરતના નિયમને આધીન મનુષ્યનું સ્ખલન - પતન સહજ અને સ્વાભાવિક છે. એ માટે કોઈ વિશેષ પ્રયત્ન કે પુરૂષાર્થની જરૂર નથી. પણ એને ઉર્ધ્વગામી બનાવવા માટે અણથક અને યોગ્ય દિશાના પ્રયત્નોની જરૂર હોય છે. આ પ્રયત્નોનું બીજું નામ શિક્ષણ. જીવનની પ્રત્યેક ક્ષણને વિશિષ્ટ બનાવે તેનું નામ શિક્ષણ.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ સંદર્ભે વિચારવાની દિશા બદલાઈ છે. સારી ડીગ્રી અપાવી દે... સારી નોકરી અપાવી દે... સારા પૈસા કમાઈ આપે તેને સારૂં શિક્ષણ માનવામાં આવે છે. શિક્ષણનું કલેવર બદલાયું. તત્ત્વ બદલાયું, તેને કારણે સત્ત્વ પણ બદલાયુ. મનુષ્યની ગુણવત્તા કે ચારિત્ર્ય સાથે એનો કોઈ સંબંધ રહ્યો નથી. મનુષ્યને શ્રેષ્ઠ બનાવવાના શિક્ષણના અત્યુચ્ચ ઉદ્દેશને બદલે એનો વાણિજ્યિક, વ્યાપારિક અને ઉપભોગ્યજન્ય ઉદ્દેશ વધુ વ્યાવહારિક અને પ્રચલિત બન્યો. સાધ્ય બદલાયું એટલે સાધન પણ બદલાયું. શિક્ષણની દિશા આમ ફંટાવાને કારણે 'શિક્ષણ'ના દિવ્ય પરિણામોથી આપણે વંચિત થયા જઈએ છીએ અને એના છીછરાપણાની આડઅસરોના શિકાર બની રહ્યા છીયએ. શિક્ષણ એટલે કેવળ ભૌતિક વિકાસ, એને આધ્યાત્મિકતા સાથે કે ધર્મ સાથે કંઈ લેવા-દેવા નથી. એવી ભ્રમણા ઉત્પન્ન થઈ. ફીરકીમાં દોરીનો છોડે જેમ ખોવાઈ જાય એમ આપણા જીવનમાંથી શિક્ષણનો સાચો અર્થ ખોવાઈ ગયો. સાધન ખોટું, વિચાર ખોટો, દિશા ખોટી... તો સાધ્ય કેવી રીતે સિદ્ધ થઈ શકે? પરંતુ અહીં એવું સમજાય છે કે મનુષ્ય શ્રેય એ પ્રેય વચ્ચે અટવાયો છે. જે પ્રિય છે તે શ્રેયસ્કર નથી અને જે શ્રેયસ્કર છે તે પ્રિય નથી. વિવેક-બુદ્ધિના ભયાનક હ્રાસની દુર્ઘટના સર્જાઇ છે.

આપણી પૂરપાર દોડતી ગાડી એક એવા વળાંક પાસેથી પસાર થઈ રહી છે જેની એક બાજુ ઊંડી ખાઈ છે. સંતુલન ગુમાવીશું તો એ ખાઈમાં ગબડીશું. આ પરિસ્થિતિમાંથી બચવાનો એક જ ઉપાય છે - આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ સાથે આપણું અભિન્ન જોડાણ અને માતૃભાષા દ્વારા સંસ્કતિની સમજ.

શિક્ષણના વિવિધ ઉદ્દેશો અને આયામો સાથે આપણી માતૃભાષા અથવા આપણી ભારતીય ભાષાઓનો ગહન સંબંધ છે. એ સમજવાની માતૃભાષાનું તેજ અને તેની ગરિમાનો તાગ મેળવી શકાશે.

મનુષ્યના ચારિત્ર્યનાં વિવિધ પાસાંઓનું સજાવવાનું... પહેલ પાડવાનું કામ શિક્ષણ જ કરે છે. મનુષ્ય - વિકાસનાં વિવિધ આયામોને નાજુક અને હુંફાળો સ્પર્શ કરવાની ક્ષમતા પણ શિક્ષણમાં જ છે. મનુષ્ય જીવનનાં અને આ સૃષ્ટિનાં રહસ્યોને ઉદ્ઘાટિત કરવાનું કામ પણ શિક્ષણ જ કરી શકે. પણ, આ સમગ્ર પ્રક્રિયામાં ભાષા પ્રત્યાતનનું - સંપ્રેષણનું મહત્ત્વપૂર્ણ કામ કરે છે. ભાષા - શબ્દ, અર્થ અને ભાવ ન હોય તો ઘટનાનું કે વિચારોનું ચિત્ર ન જન્માવી શકાય. ભાષા દ્વારા સમજ અને સમજ થતી વ્યવહાર સર્જાય છે. મન - મસ્તિષ્કમાં અવિતરપણે ચાલતો વિચારપ્રવાહ માતૃભાષામાં જ ચાલતો હોય છે. તેથી જ્ઞાન-વિજ્ઞાન દ્વારા મનુષ્યનાં સમગ્ર વિકાસમાં માતૃભાષાનું અનન્ય મહત્ત્વ છે. કેટલાક વિવિધ આયામોનો માતૃભાષા સાથે કેવા નાતો છે એ જાણવાથી આ બાબત સ્પષ્ટ થશે.

**(૧) જીવમાત્ર પ્રત્યે સમ્યક્ દષ્ટિનો વિકાસ**

સંસ્કૃત ભાષાનો સર્વ ભારતીય ભાષા સાથે મૂળનો સંબંધ છે. સર્વ ભાષાઓની એ જનની છે. ભારતીય ચિંતનમાંથી જન્મેલું સૂત્ર - આત્મવત્ સર્વભૂતેષુ - બધા જીવોમાં સમાન આત્મતત્વ વિદ્યમાન છે... આપણને જીવમાત્ર પ્રત્યે જોવાની સમ્યક્ દષ્ટિ બક્ષે છે. એવી જ રીતે - સર્વે ભવન્તુ સુખિનઃ નો વિચાર આપણી ભાષા આપી શકે છે. ભારતીય ભાષા સિવાય જગતની અન્ય ભાષાઓમાં આવી અભિવ્યક્તિ નથી. નરસિંહ મહેતાએ સર્જેલું કાવ્ય -

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
આ દિશામાં આપણને અનોખી દષ્ટિ આપે છે.
એક ગુજરાતી ચિંતકે સુંદર વાત કરી છે -
સ્વભાવથી વ્યક્તિ સ્વયં તરી શકે,
પરંતુ સ્મભાવથી અન્યોને તારી શકે.

**(૨) મનુષ્યનિર્માણની પ્રક્રિયા**

ગુજરાતી કવિ શ્રી ઉમાશંકર જોષીની અદ્ભૂત કાવ્યપંક્તિ કેટલું બધું સમજાવી જાય છે! - 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' ગુજરાતી ભાષા ન જાણનાર માણસ આ ભાવથી કેટલો વંચિત રહેશે?

આવો જ સુંદર ભાવ હિતેન આનંદપરાની નીચેની પંક્તિઓમાંથી મળે છે -

"ચલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ,
શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઈએ."

એક અન્ય ચિંતકે કહ્યું છે કે -

"પરમાત્માની નજીક જવું હોય તો માનવીની નજીક આવો."

**(૩) સદ્ગુણ વિકાસ**

શિક્ષણનું ધ્યેયવાક્ય છે - સા વિદ્યા યા વિમુક્યતે ।

વિદ્યા એટલે વિદ્ + યા...જે જાણવું જોઈએ તે બધું જ વિદ્યા છે. મુક્તિ અપાવે તે તેનું નામ વિદ્યા. અહીં દોષોમાંથી મુક્તિ એવો અર્થ અભિપ્રેત છે. દોષોનું નિરસન કરવું અને ગુણોનું સંવર્ધન કરવું એ મનુષ્યજીવનને ઉન્નત બનાવવા માટે અતિ મહત્ત્વનું છે. સદ્ગુણોથી શોભતો મનુષ્ય સર્વત્ર આદર પામે છે. પાઠ્યપુસ્તકો વંચીને પરીક્ષા પાસ કરી દેવાથી કંઈ ગુણવાન નથી બની જવાતું. માતૃભાષામાં વ્યક્ત થયેલા સુંદર વિચારો વાંચવાથી અને ગ્રહણ કરવાથી ગુણગ્રાહકતા વધે છે. "'ત્રણ' ની શિખામણ" માં વ્યક્ત થયેલાં સૂત્રો ગાગરમાં સાગર જેવાં છે -

ત્રણની કાળજી લો - જીવન, ચારિત્ર્ય અને સદ્ગુણ
ત્રણને હંમેશા વંશમાં રાખો - મન, કામ અને લોભ
ત્રણનું સન્માન કરો - માતા, પિતા અને ગુરૂ
ત્રણ કોઈની રાહ જોતાં નથી - સમય, મૃત્યુ અને ગ્રાહક
ત્રણ ઉપર કરૂણા દાખવો - બાળખ, ભૂખ્યા અને અપંગ

આલ્બર્ટ આઈન્સ્ટાઈને એની માતૃભાષામાં કહેલો એક વિચાર ગુજરાતી ભાષામાં પણ કેવી સુંદર રીતે અભિવ્યક્ત થયો છે તે જુઓ -

"સફળ વ્યક્તિ થવાના પ્રયત્નો છોડી દે,
પરંતુ બની જા મૂલ્યવાન માનવ!"

પંન્યાસ રત્નસુંદરવિજયજી મહારાજે કહ્યું છે -

"સારી રીતે કામ કરનારા તો ઘણા મળે છે, પણ,
સારૂં હોય એ જ કામ કરનારા બહુ ઓછા મળે છે."

એવા જ બે સુંદર વિચારો નીચે રજૂ કર્યા છે -

**(અ)** નાની નાની વાતો પૂર્ણતા તરફ દોરી જાય છે અને પૂર્ણતા એ કંઈ નાની વાત નથી!
**(બ)** લોકો એકલા પડી જાય છે, કારણ કે - તેઓ સેતુને બદલે દિવાલો ચણે છે.

છે ને માતૃભાષાની કમાલ! અદ્ભૂત સામર્થ્ય છે વિચારો સમજાવવાનું!

**(૪) અજવાળાંની આરાધના**

ભારતનો અર્થ છે તેજનો પુંજ. અહીં ઋષિઓએ જ્ઞાનરૂપી તેજની આરાધના કરી છે. ગુજરાતના કવિઓએ પણ એની ધારદાર પ્રસ્તુતિ કરી છે, જેની આપણા માનસપટ પર ઊંડી અસર થયા વિના રહેતી નથી - એક કવિએ ગાયું છે -

"અવનિતલ ને અંતરને દલ
પ્રગટ શુચિ દીપની માળા હો,
રમ્ય જીવનપથ ઉપર પલ પલ
અજવાળાં, બસ અજવાળાં હો."

નાનપણમાં શીખેલી એક કવિતા આજે પણ યાદ છે -

"અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રબુ પરમ તેજે તું લઈ જા."

બીજા એક કવિની તેજની અભિલાષા કેટલી ખુમારીથી અભિવ્યક્ત થઈ છે તે જુઓ -

"જા ભલે અંધારઘેર્યા આભમાં,
તેજ કે જયોતિ વિના આવીશ ના;
ડૂબવું જો હોય દિલમાં ડૂબજે,
પણ પછી મોતી વિના આવીશ ના."

(અનુસંધાન પાના નં. ૬ પર)

# હિંસા વિ. હિંસા : સવાલ કા જવાબ કે પછી જવાબ કા સવાલ...

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

ખૂનથી તરબતર અખબાર રોજ સવારે આવે છે. ઓસરીમાં અને ટી.વી.ના સ્ક્રીન પર દેખાતો કાળો ધુમાડો રૂંધે છે શ્વાસ. જો કોઇ ભગવાન માણસ હશે તો ચોક્કસ દુઃખ થશે... પણ તદ્દન નિષ્પ્રાણ - મૃત - નિર્જીવ અદૃશ્ય પથ્થરોનાં કે એવી કોઇ કલ્પનાઓનાં નામ પર એક જીવતા, પરીવાર ધરાવતા માણસને મારી નાખતા પહેલાં પોતાની ભીંતરમાં માણસની હત્યા કરવી પડે. હિંસા એ પ્રક્રિયા છે કે પછી પ્રતિક્રિયા??

દમિશ્કની સડક પર ચાર દિવસથી ભૂખી બેઠેલી એક છોકરી એના બાપની શિનાખ્ત ના કરી શકાય એવી લાશ પાસે બેઠી છે અને મુઝફ્ફરનગરની સડકો પર ફ્લેગ માર્ચ કરતાં જવાનની આંખની કાળી કીકી પર રેલાતો લાલ રંગ ચમકી રહ્યો છે...

આગ - આગ હોતી હૈ, ખૂન - ખૂન હોતા હૈ... કયાંક કોઇ દેશ પર બોમ્બ નાખ્યા પછી નીકળતા ધુમાડાને પૂછ્યું છે... તારી રાષ્ટ્રીયતા કઇ? તોફાનોમાં લાગણી આગનો કોઇ ધર્મ ખરો? આ ખંજરો પાસે ઇમાન હોય છે ખરૂં? પણ માણસ જાદુગર પ્રાણી છે... એણે તો છરીઓને જનોઇ પહેરાવીને તલવારોને તાવીજ પહેરાવ્યા.... એણે તો અણુબોમ્બને'ય નાગરિકતા આપી દીધી ને મિસાઇલોને'ય સામ્યવાદીને લોકશાહીમાં માનતી કરી નાખી. ઇશ્વરને સર્જનહાર માનીને તેનાં જ સર્જનનું વિસર્જન કરવાની સત્તા કયાંથી મળી ગઇ આ માણસને...??

માનવતાનાં નામે યુદ્ધ કરવાની સંમતિ કોણે આપી આ માણસોને? આ માનવતા તે કંઇ બલા? ન્યુક્લિયર બોમ્બ, હાઇડ્રોજન બોમ્બ, કેમિકલ ગેસ... આને કેવા પ્રકારની પ્રગતિ ગણવી? આનાથી મહાન શોધ કદાચ પેરાસિટામોલની ૫૦૦ મિલીગ્રામની ગોળી છે, આનાથી ઉમદા કાર્ય કદાચ માળીએ માવજતથી



ખીલવેલું ફૂલ છે, આનાથી વધુ વિસ્મયકારી ઘટના થોડાક બીજોમાંથી પેદા થતી ફસલો છે...!! બોલો, માનવતા માપવાનું થર્મોમીટર છે ખરૂં? હોય તો ન્યુક્લિયર બોમ્બનાં ન્યુક્લિયસમાં મુકીને માપી જોજો...

આખરે આ હિંસા છે શું? શું માનવીનો મૂળભૂત સ્વભાવ જ હિંસક છે? અર્થાત્ જેમ સિંહ હિંસક પ્રાણી (આપણી વ્યાખ્યાઓ મુજબ...) ગણાય ને ગાય (તે પણ આપણી વ્યાખ્યાઓ મુજબ જ...) અહિંસક ગણાય તેમ માણસનો મૂળભૂત સ્વભાવ કયો? સંસ્કૃતમાં "યુદ્ધસ્થ કથા રમ્યઃ" એવી ઉક્તિ છે. આપણી બે મહાગાથાઓ રામાયણ ને મહાભારતનું રોચક તત્ત્વ યુદ્ધનું મેદાન જ છે. ખુદ મહમંદ પયંગબરે આરબ દ્વીપકલ્પમાં અતિ હિંસક યુદ્ધ કર્યા છે. હિંદુ ધર્મમાં પણ લગભગ તમામ દેવી-દેવતા શસ્ત્ર સજ્જ છે. ઇશ્વર ખૂબ મોટો યોદ્ધા છે. ગ્રીક અને રોમન મિથકોમાં યુદ્ધનાં પણ દેવતાઓ છે. આજે પણ યુદ્ધની કે હિંસાની ઘટનાઓમાં કાનને પાશવી આનંદ મળે છે. રોજ રાતનાં લેટનાઇટ પ્રાઇમ ટાઇમમાં પણ 'ક્રાઇમ'નાં કાર્યક્રમ કેમ વર્ષોથી સફળ ફોર્મ્યુલા છે? શું હિંસા એ શક્તિનો અનુભવ છે કે પછી સુરક્ષાનાં અભાવમાં પ્રતિરક્ષાની સ્વાભાવિક પ્રણાલી? તે વૃત્તિ છે કે પછી પ્રવૃત્તિ છે?

મુઝફ્ફરનર કે સિરીયાની ઘટનાઓ હિંસાના ચરમ પરિણામો છે તેથી આપણા સૌનાં મેગ્નિફાયિંગ ગ્લાસ નીચે આવે અને એટલે જ તેને વખોડવાનો અબાધ્ય અધિકાર આપણને મળી જાય. પણ શું સિરીયા કે મુઝફ્ફરનગરમાં થયેલા આઘાત - પ્રત્યાઘાત આપણા દિમાગમાં જ છુપાયેલા દ્વંદ્વ નથી? શું આપણી ચેતનાઓ જ હિંસક વિસ્તાર નથી? કેમ કે, અંતે તો ધરમનાં નામે લડવાનો નિર્ણય પણ માણસ જ લે છે ને કોઇ દેશ કે સ્થળ પર મિસાઇલો છોડવાનો નિર્ણય પણ માણસ જ લે છે? આ તમામ ઘટનાઓની જડ તરીકે જે તકવાદીઓ કે રાજકારણીઓ કે ડિપ્લોમેટ્સને ગણીએ છીએ એ પણ અંતે તો માણસ જ ને? તો શું આ તમામ ઘટનાઓ મનુષ્યની જ સામૂહિક ચેતનાનો એક વિસ્તાર છે? શું આ એક અચેતન ભાવના છે, જે ફિલ્મો, અખબારો કે ટેલિવિઝન કે અન્ય કોઇ પણ માધ્યમથી પ્રગટ થાય ત્યારે એક પ્રકારનો ક્રૂર આનંદ અજાણતાથી જ ઉદ્ભવે છે? તો શું આ યુદ્ધ, લડાઇ કે તોફાનો આવી જ કોઇ અચેતન ભાવનાઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ પરીણામ છે? કોઇ પણ કાળે હિંસા એ મનુષ્યત્વની હત્યા છે, જીવન જીવવાનો કુદરતી અધિકાર છીનવી લેવાથી મોટું મહાપાપ બીજું હોઇ શકે ખરૂં? આખરે પાપ અને પુણ્યની અંતિમ વ્યાખ્યાઓ પણ આપણા હાથમાં જ છે.

વિશ્વ ચેતનવંત બને - પથ્થર ફેંકવા ઉપાડેલા હાથ થરથર ધ્રૂજે - બુલેટ છોડવ ામાટે દાબેલી ટ્રીગર પણ અનશન કરે - યુદ્ધ વિનાની દુનિયા કલ્પના જ એટલી રમણીય છે તો વાસ્તવિકતા કેટલી સુખદ હોઇ શકે? હિંસા કોઇ સોલ્યુશન નથી - કોઇ ઉપચાર કે જવાબ નથી પણ તે ઉપચારનાં નામે જ પેદા થયેલી મહાવ્યાધિ છે... હવે તો યુદ્ધની સામે જ યુદ્ધ કર્યો છૂટકો...!! તમારી પાસે કયુ હથિયાર છે તેની સામે લડવા?? અંતરાત્માને ફંફોસવાનો સમય આવી ગયો છે...

- ch9723367947@yahoo.com

# બાબા રામદેવપીરનાં અવતારધામ ઉન્ડુ કાશ્મીર (રામદેરિયા)માં દર અજવાળી બીજે ભવ્ય મેળો ભરાય છે

## પ્રસંગ મહિમા

### રણુંજાનો મેળો.... જય હો... બાબારી

- જિતેન્દ્ર ટાંક

કળિયુગના હાજરાહજૂર દેવ...
બાબા રામદેવપીરની અવતરણતિથિ
ભાદરવા સુદ-૨ ને શનિવાર, તા. ૦૭-૦૯-૨૦૧૩
કૃષ્ણ કહું કે રામદેવ, જય વિષ્ણુ અવતાર ।
મેનાદેરા લાલ થારો, જગમેં જયજયકાર ॥

જયારે જયારે ધર્મની હાનિ થાય છે ત્યારે ત્યારે ભારતની પાવન ધરતી પર અનેક સંતો-મહંતો, ઋષિ-મુનિઓ, મહાત્માઓ-ભક્તો, તપસ્વીઓ અને અવતારી પુરૂષોનું પ્રાગટ્ય થયું છે. તેમણે લોકોનાં કષ્ટ હર્યા અને માનવકલ્યાણો સાચો રાહ ચીંધ્યો છે.



આજથી આશરે ૬૦૦ વર્ષ પહેલાં ભારતમાં અરાજકતા હતી. હિન્દુ-મુસ્લિમ વૈમનસ્ય પરાકાષ્ઠાએ હતું, સાથોસાથ નરબલિ, ધર્માંતરણના દૂષણો વ્યાપેલાં હતા. એમ તો સંપૂર્ણ હિન્દુસ્તાનમાં અસ્પૃશ્યતા ઘર કરી ગઇ હતી. પરંતુ પશ્ચિમી રાજસ્થાનમાં ધોરા ધરતીની પરિસ્થિતિ કંઇક વિશેષ બદ્ત્તર હતી અને ભૈરવ દૈત્યનો પણ ત્રાસ હતો.

આવા સમયે ભગવાન શ્રીકૃષ્ણ ભૈરવવધ કરવા, મોગલો દ્વારા થતું ધર્માંતરણ અટકાવવા, કુરિવાજો નષ્ટ કરવા, હિન્દુ-મુસ્લિમ એકતા જાળવી રાખવા અને સનાતન ધર્મનાં રક્ષણ કાજે - ભાદરવા સુદ-રને શનિવારની શુભ રાત્રે - રાજસ્થાનના બાડમેર જિલ્લાના શિવ તાલુકાનાં કાશ્મીર (રામદેરિયા) ગામે - ભક્તરાજ અજમલજીને ત્યાં પારણામાં પ્રગટ થયા તેમનું નામ "રામદેવ" પાડવામાં આવ્યું! બોલો શ્રી અમજલધર અવતાર કી જય... કહેવાય છે કે ત્યારે અજમલજીના આંગણામાં કુમકુમ પગલીયાં થયા હતા!

બાબા રામદેવપીરનાં અવતારધામ ઉન્ડુ કાશ્મીર (રામદેરિયા)માં દર અજવાળી બીજે ભવ્ય મેળો ભરાય છે. (અહીં ૧૨ કરોડનાં ખર્ચે 'અવતારધામ મંદિર' બની રહ્યું છે!) અવતારધામ મંદિરે જવા માટે શ્રદ્ધાળુઓને બાડમેર, જોધપુર, ઉન્ડુ, બાલોત્રા, પોખરણ, ફલસુંડ અને નિમ્બલા, (જૈસલમેર હાઇવે) થી બસ - ટેક્સી મળી રહે છે. જયાં દર અજવાળી બીજે ભજનસંધ્યાનો કાર્યક્રમ હોય છે.

અવતારધામ મંદિરની આગળ બાલિનાથની ધૂણી છે. મંદિરમાં બાળ રામદેવ વીરમદેવની બાજુમાં પારણામાં પોઢેલા છે. જમણા પગનો અંગૂઠો ચૂસતા બાળ રામદેવ અદ્ભૂત લાગે છે. જાણે કે સાક્ષાત્ શ્રીકૃષ્ણ! પિતા અજમલજી અને માતા મેણાદે ઊભેલી મુદ્દામાં છે. વચ્ચે હાથમાં દડો ધારણ કરેલ બાળ રામદેવ શ્રદ્ધાળુઓનું મન મોહી લે છે. પાછળના ભાગે અજમલજી અને શ્રીવિષ્ણુનું સમુદ્રમાં થયેલું અદ્ભૂત મિલન દર્શાવ્યું છે. મંદિરની પાછળ વર્ષો પુરાણું શમી વૃક્ષ છે જે "થાટી ખેજડી" તરીકે જાણીતું છે. તેની છાલ શ્રદ્ધાપૂર્વક ખાવાથી પેટ - ચામડીનાં દર્દ સરળતાથી મટી જાય છે!

ડાબી બાજુથી પ્રદક્ષિણા કરતાં અવતારધામના સ્તંભ પર ડાલીબાઇ, લાછાબાઇ, સુગણાભાઇ, રાણી નેતલ, હરજી ભાટી, મીરાંબાઇ, સુગ્રીવ, હનુમાનજી, ધ્રુવ, નારદ, રામ-કૃષ્ણની મૂર્તિઓ કંડારેલી છે. રામદેવપીરનાં શ્રદ્ધાળુઓએ એકવાર આ પાવનધામનાં દર્શન કરવા જેવા છે.

દેશનાં ખૂણે ખૂણેથી શ્રદ્ધાળુઓ દર અજવાળી બીજે બાબાના ચરણે શીશ નમાવવા ઊમટી પડે છે. કેટલાક શ્રદ્ધાળુઓ પોતાના ખર્ચે જાગરણ કરવા એક શામ... બાબા રામદેવપીર કે નામ... ફૂલમાળા - પ્રસાદ અને ધૂપ લઇને અવતારધામ આવી પહોંચે છે ત્યારબાદ અબીલ - ગુલાલ - કુમકુમ અને અત્તર - અબરખ વડે મૂર્તિનું સુશોભન કરાય છે અને શરૂ થાય છે આરતી... શંખ-નગારાના નાદથી વાતાવરણ ગૂંજી ઉઠે છે.... જય હો... રામસાપીર... સચ્ચે દરબાર કી જય... વડે મહાઆરતી પૂર્ણ થાય છે.